શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

૪૨૫, ઈલીનોઈઝ બુલેવર્ડ, હોફ્મેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯
Phone : (847) 490 JALA(5252) Fax : 847 519 2215

જાન્યુઆરી - ૨૦૨૨ વર્ષ - ૧૧ અંક - ૪૪

## :Program:

**Navgraha Puja**
Sunday, Jan. 16
Time:5:00PM

**Republic day**
Wednesday, Jan. 26
Time: 7:30am

**AGM SJM**
Sunday, Jan. 30

**Jalarambapa Punytithi**
Saturday, Feb. 26
Bhajan :Time: 6:00PM

**Maha Shivratri**
Tuesday, Mar. 1
Time: 5:00PM

**Mandir Sthapana Din**
Tuesday, Mar. 8
Bhajan :Time: 6:00PM

**Holi Utsav**
Thursday, Mar. 17
Time: 5:00PM

## *President's Massage*

આપ સર્વેને જય જલારામ,
શ્રી જલારામ મંદિર દ્વારા ભારતીય સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ધ્વજવંદન કરી - શહીદોને યાદ કરી - તેમના બલિદાનને વંદન કરી કરવામાં આવેલ.

શ્રી કૃષ્ણ ભગવાનના જન્મદિનની ઉજવણી પ્રભુકીર્તન કરી ખુબ જ આનંદ/ઉત્સાહથી કરવામાં આવેલ. રાત્રે 12 વાગે ભગવાન શ્રી કૃષ્ણ જન્મદિનની વધામણી ભગવાનના પ્રિય એવા માખણ / મીસરી ન પ્રસાદ ધરાવી કરવામાં આવેલી.

વિઘ્નહર્તા શ્રી ગણેશજીના, ગણેશ મહોત્સવ પણ કરવામાં આવેલ. રોજ યજમાન દ્વારા પૂજાવિધિ અને ભગવાન શ્રી ગણેશજીની વિસર્જન પૂજાથી પૂર્ણાહિતી કરવામાં આવેલ.

પિતૃશ્રાધ્ધની પૂજા પણ દર વર્ષની જેમ

કરવામાં આવેલ અને 11 યજમાનશ્રીઓએ પૂજાનો લાભ લીધો.

દર વર્ષની જેમ શ્રી જલારામ મંદિર દ્વારા હોલ રેન્ટ કરી નવરાત્રીની ઉજવણી ભારત / ગુજરાતથી લોકપ્રિય ગાયક કલાકાર શ્રી કિર્તીદાન ગઢવીને બોલાવવામાં આવેલ અને 1600 જેટલા ગરબા રસિકોએ નવરાત્રી ઉજવણીનો લાભ લીધેલ. અને ત્યારબાદ આઠમના દિવસે માતાજીનું હવન પણ ખુબ જ હર્ષોત્સાહ/ભક્તિભાવથી કરવામાં આવેલ.

દિવાળી / નૂતનવર્ષની ઉજવણી પણ ખુબ જ આનંદ ઉત્સાહથી કરવામાં આવેલ. મંદિરને સુંદર રીતે શણગાર કરવામાં આવેલ. ભગવાનને નવા વાઘા પણ પહેરાવવામાં આવેલ. ભગવાનના અન્નકૂટ / પૂજાનો લાભ 2500 જેટલા ભાવિકોએ લીધેલ. અને આનંદના સમાચાર કે નવા વર્ષના દિવસે ખુબ જ લાંબા સમય બાદ મંદિરમાં બેસીને સવાર / સાંજના પ્રસાદનો લાભ ભક્તોએ લીધેલ અને મંદિર તરફથી ભક્તજનોને અન્નકૂટ પ્રસાદ અને નવા વર્ષના કેલેન્ડરનું વિતરણ કરવામાં આવેલ.

શ્રી જલારામ મંદિરનો ખુબ જ મહત્વનો ઉત્સવ પૂજ્ય શ્રી જલારામબાપાની જન્મ જયંતીના દિવસે સવારે કળશપૂજા, ધજાપૂજા, જલારામબાપાનો અભિષેક અને મહાપુજાવિધિ કરી ઉજવવામાં આવેલ અને 400 / 500 ભક્તજનોએ પૂજા / દર્શનનો / અન્નકૂટ દર્શનનો લાભ લીધેલ અને મંદિરમાં સૌ સાથે બેસી પ્રસાદનો આનંદ લેવામાં આવેલ અને સાંજના સમયે ભક્તજનોએ શ્રી જલારામ મંદિર દ્વારા યોજવામાં આવેલ ભજનસંધ્યાનો આનંદ લીધો હતો.

તુલસીજી વિવાહનો પ્રસંગ પણ ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ અને ભગવાન શ્રી કૃષ્ણનો તુલસીજી સાથે વિવાહ સંપન્ન કરવામાં આવેલ. વિવાહ દરમ્યાન માંડવા મુહૂર્ત, ગૃહશાંતી, ભગવાનને પીઠી ચોળવાની વિધિ અને લગ્ન દરમ્યાન લોકપ્રિય લગ્નગીતો ગાઈ આનંદથી સંપન્ન કરવામાં આવેલ.

શ્રી જલારામ મંદિર દ્વારા સામાજીક સેવામાં ભકતજનોને, ખાસ કરી જેઓને ઇન્સ્યોરન્સની સગવડતા ન હોય તેવા ભક્તો માટે ફલૂ શોટના બે કેમ્પ રાખવામાં આવેલ અને 100થી વધુ ભક્તોએ ફલૂ શોટનો લાભ લીધો હતો. આ ઉપરાંત હાલની કોવીડ 19 ની પરિસ્થિતિનો સામનો કરવા માટે બુસ્ટર શોટનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ અને 150 જેટલા ભક્તજનોએ સેવાનો લાભ લીધો હતો. આમ, શ્રી જલારામ મંદિર વખતો વખત સામાજિક જવાબદારી પણ અદા કરતુ આવેલ છે.

શ્રી જલારામ મંદિર દ્વારા ચલાવવામાં આવતા ગુજરાતી બાલવિહાર ક્લાસના બાળકોની ગુજરાતી ભાષાની પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવેલ. બાળકોને આપણી સંસ્કૃતિ / ધર્મ જોડે જોડી રાખવા માટે શ્રી જલારામ મંદિર સંચાલિત બાલવિહારમાં આપણી ભાવિપેઢીના પુષ્પો (બાળકો) ને પ્રોત્સાહિત કરવા વિંનતી છે અને બાલવિહારના ક્લાસમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે.

મંદિરના તમામ પ્રસંગોએ સુંદર આયોજન, ભોજન વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થામાં મદદરૂપ થવા માટે મંદિરના તમામ સ્વયંસેવકોનો તેમજ બોર્ડ મેમ્બરનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

મંદિરના તમામ પ્રસંગોએ હાજર રહી, પૂજાનો લાભ લેવા અને યજમાન સેવાનો લાભ લેવા તમામ ભક્તજનોને ખાસ આમંત્રણ / વિનંતી છે.

મંદિરના પ્રસંગોએ ભક્તજનોને સેવા / સગવડ પુરી પાડવા માટે મંદિરને સ્વયંસેવકોની મદદની જરૂર રહેતી હોય છે તો આપને મદદ કરવાની ઈચ્છા હોય તો મંદિરની ઓફિસનો સંપર્ક કરવા વિનંતી છે.

આભાર સહ, જય જલારામ

**રાજેન્દ્ર ઠક્કર, પ્રમુખ**

**શ્રી જલારામ મંદિર**

# ॥ ત્રિ-દેવના - ત્રિ-તેજનો સંગમ ॥
# ગુરુ દત્તાત્રેય

**સંકલન - રજનીકાંત મોદી**

ત્રણેય દેવીઓ આશ્રમમાં પધાર્યા ત્યારે અનસૂયાએ ત્રણે દેવો પાસેથી અનેક પ્રકારની પ્રતિજ્ઞા કરાવી હતી અને વધુ પ્રતિજ્ઞા એ કરાવી, "તમે આજથી પ્રતિજ્ઞા કરો કે અમે કોઈ દિવસ પતિવ્રતાને ત્રાસ નહિ આપીએ, પતિવ્રતાની પરીક્ષા નહીં કરીએ."

આ વખતે જ ત્રણ દેવીઓની પધરામણી ત્યાં થઈ હતી, ને એવામાં જ અત્રિ ઋષિ પણ ત્રણ બાળકોને જોઈ આશ્ચર્યમાં પડી ગયા હતા. તેમણે અનસૂયાને પૂછ્યું; 'આ ત્રણ નાના બાળકો કોણ છે?' અનસૂયાએ બાળકો સામે જોઈને કહ્યું, આ ત્રણે મારા બાળકો છે. પછી ત્રણે દેવીઓ સામે જોઈ કહ્યું, અને આ ત્રણ મારા છોકરાઓની વહુઓ છે.

અત્રિ ઋષિ તો મહાજ્ઞાની હતા. તેમણે કહ્યું, દેવી આવું અવિચારી ના બોલો. આ ત્રણેય મહાદેવો છે. એમ કહેતા જ ઋષિએ ત્રણેય બાળકો ઉપર જળનો છંટકાવ કર્યો, એટલે ત્યાં ત્રણે દેવો, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પ્રગટ થયા. પછી ત્રણે દેવોએ કહ્યું, અમે તમારા પવિત્ર આશ્રમના આંગણે બાળક થઈને રમતાં હતા, તેવું સુખ તમને કાયમ આપીશું. આ ત્રણે દેવોનું તેજ એકત્ર થવાથી ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા. ગુરુ દત્તાત્રય માર્ગદર્શક છે તેથી તેમનું પ્રાક્ટ્ય માર્ગશીર્ષ માસમાં થયું છે.

જયારે આ જીવ કાંઈ લેતો નથી કે લેવાની ભાવના કરતો નથી પરંતુ આપવા જ ઈચ્છે છે ત્યારે પરમાત્મા તેને પોતાના સ્વરૂપનું દાન કરે છે. બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ મનુની પુત્રી પ્રસૂતિને પરણ્યા. તે સ્ત્રીએ નિર્મળ નેત્ર વાળી સોળ દિકરીઓને જન્મ આપ્યો હતો. તેમાંથી તેર કન્યા ધર્મને પરણાવી હતી. એક અગ્નિને પરણાવી હતી તથા એક સંસારના બંધન કાપનાર ભગવાન શંકરને પરણાવી હતી.

શ્રધ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તૃષ્ટિ, પૃષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુધ્ધિ, મેધા, તિતિક્ષા, મજ્જા અને મૂર્તિ - આ તેર ધર્મની સ્ત્રીઓ ધર્મપત્નીઓ હતી. ધર્મના તેર લગ્નો થયા છે. આ તેર ગુણોને જીવનમાં ઉતારે તેનો ધર્મ જરૂર ફળે છે. તમે પણ આંતર

ગુણો સાથે લગ્ન કરશો તો પરમાત્મા મળશે. ધર્મની તેરમી પત્ની મૂર્તિ દેવીએ નર તથા નારાયણ નામના બે ઋષિઓને જન્મ આપ્યો હતો. તે બંનેના જન્મ વખતે આ વિશ્વ અત્યંત નિવૃત સુખમાં લીન થઈને પ્રસન્ન થયું હતું. સ્વર્ગમાં દેવતાઓના વાજીંત્રો વાગવા લાગ્યા. આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. પ્રસન્ન થયેલા મુનિઓ વિવિધ સ્તોત્રોથી મુક્ત કંઠે સ્તુતિઓ કરવા લાગ્યા. ગાંધર્વ તથા કિન્નરો ગાવા લાગ્યા. અપ્સરાઓ ભાવવાહી નૃત્યો કરવા લાગી. એ રીતે મહામંગળ વર્તવા લાગ્યું અને બ્રહ્માદિક સર્વે દેવતાઓ સ્તોત્રો અને સ્તુતિઓ કરવા લાગ્યા.

વિદુરજીએ પૂછ્યું, હે મુનિ મહારાજ, મારી એક શંકાનું નિવારણ કરો. દિકરીઓ ઉપર પ્રીતિ ધરાવનાર દક્ષે પોતાની સતી નામની પુત્રીનો અનાદર કરીને શીલવંત પુરુષોમાં શ્રેષ્ઠ ગણાતા શંકરની સાથે શા માટે ધ્વેષ બાંધ્યો? દક્ષ પ્રજાપતિની નાની કન્યા સતીનું લગ્ન ઘણી જ ધામધૂમથી અને રંગે ચંગે શિવજી સાથે થયેલું. પણ યજ્ઞ મંડપમાં દક્ષ પ્રજાપતિએ શિવજીનું અપમાન કરેલું એટલે તે સહન ન થવાથી સતીએ પોતાનું શરીર યજ્ઞમાં હોમી દીધું.

હવે મૈત્રેયજી આ શિવ સતીની કથા વિસ્તારથી સંભળાવે છે. પ્રાચીન કાળમાં પ્રયાગરાજમાં મોટું બ્રહ્મસત્ર થયું હતું. સભામંડપમાં શિવજી અગ્રસ્થાને બિરાજ્યા હતા. તે વખતે દક્ષ પ્રજાપતિનું ત્યાં આગમન થયું. શિવજી તો પોતાના અધ્યક્ષ આસાન ઉપર નારાયણનું ધ્યાન કરતા બેઠા હતા. એટલે કોણ આવે છે અને કોણ જાય છે તેનો તેમને ખ્યાલ ન હતો.

દક્ષ પ્રજાપતિ પધાર્યા તે સાથે જ ત્યાં ઉપસ્થિત સર્વે દેવોએ પોતાના આસાન ઉપરથી ઉભા થઈને તેમને માન આપ્યું. પણ શિવજી ધ્યાનમાં હતા તેથી તેમને ખબર ન હોવાથી ઉભા થયા નહિ. આથી દક્ષ પ્રજાપતિને શિવજી ઉપર ખૂબ  ક્રોધ આવ્યો અને ભર સભામાં નિંદા કરી.

દક્ષ પ્રજાપતિએ કહ્યું કે, આ શિવ લોકપાળોની કીર્તિનો નાશ કરનારો તથા લજ્જા વિનાનો છે. આ શિષ્ય થાય છે, કારણ કે તેણે સુપાત્રની પેઠે બ્રાહ્મણો અને અગ્નિની સમક્ષ સાવિત્રીના જેવી મારી દિકરીનું પાણીગ્રહણ કર્યું છે. ઉત્તમ ક્રિયાઓનો લોપ કરનાર, અપવિત્ર તથા મર્યાદાનું ઉલ્લંઘન કરનાર આ

મહાદેવને મેં મારી ઈચ્છા ન હોવા છતાં પણ મારી દિકરી આપી છે. આ શિવ આખા શરીરે ચિતાની ભસ્મ ચોળી, મનુષ્યના હાડકાનાં ઘરેણાં પહેરી, માથાના કેશ છૂટા મૂકી નગ્ન થઈ પોતાના અને ભૂતોના ટોળાઓથી વીંટાઈ ભયંકર સ્મશાનોમાં ગાંડા પુરુષોની પેઠે ફર્યા કરે છે. આ ભૂતોના પતિ, અપવિત્ર અને દુષ્ટ પુરુષને મેં બ્રહ્માના કહેવાથી મારી સદ્દગુણી પુત્રી પરણાવી છે. મૈત્રેય બોલ્યા, હે વિદુર, જો કે સભામાં શંકર કઈ અઘટિત વર્ત્યા નહોતા કે અઘટિત બોલ્યા પણ નહોતા. તો પણ ઉપર પ્રમાણે શંકરની નિંદા કરીને ક્રોધે ભરાયેલા પ્રજાપતિ હાથમાં જળનું આચમન લઇ બોલ્યા, શિવ અભિમાની છે. માટે આજથી આને દેવતાઓના યજ્ઞમાં ભાગ નહિ મળે. આમ શંકરને શ્રાપ આપીને ક્રોધાવેશમાં આવી ગયેલા પ્રજાપતિ દક્ષ તે સભામાંથી તુરત જ બહાર નીકળીને પોતાને સ્થાને જતા રહ્યા.

**સત્યમ્ શિવમ્ સુન્દરમ્.**



# ॥ એસિડિટી/હાર્ટબર્ન ॥

**સંકલન - સંકલન - આરતી ઠક્કર, Rph**

ગેસ્ટ્રોએસોફેજલ રીફ્લક્સ રોગ (GERD) અથવા એસિડિટી તબીબી સ્થિતિ છે, જ્યાં પેટનો એસિડ અન્નનળી માંથી પાછો વહે છે. એસિડ રિફ્લક્સને હાર્ટબર્ન અથવા અપચો પણ કહેવામાં આવે છે. GERD તમામ ઉંમરના લોકોને અસર કરે છે. સંશોધકોનો અંદાજ છે કે યુનાઇટેડ સ્ટેટ્સમાં લગભગ 20 ટકા લોકો GERD ધરાવે છે. આપણા પેટમાં  હાઇડ્રોક્લોરિક એસિડ (HCL) હોય છે, જે આપણે ખાધેલા ખોરાકને તોડવામાં અને ખોરાકને પચાવવામાં મદદ કરે છે.


ઘણી વખત ખાધા પછી, એસિડ રિફ્લક્સ, છાતીના નીચલા ભાગમાં બળતરા થવાનુ કારણ બને છે. તમને તમારા મોમાં ખાટો સ્વાદ લાગશે અથવા ઉધરસ આવતી રહે છે. મસાલેદાર, તેલયુક્ત, ચરબીયુક્ત ખોરાક, ખાટા ફળો, નારંગીનો રસ, ટામેટાં, ડુંગળી, ચોકલેટ અને કોફી એસિડિટીનું કારણ બની શકે છે. એસ્પિરિન અથવા આઇબુપ્રોફેન દવાઓ લેવાથી પણ એસિડિટી (હાર્ટબર્ન) થઈ શકે છે. સિગારેટમાં તમાકુના કારણે, વધારે વજન અથવા ગર્ભવતી હોવાને કારણે પણ હાર્ટબર્ન થઈ શકે છે. એસિડિટીના લક્ષણો સામાન્ય રીતે ખાધા પછી તરત જ શરૂ થાય છે અને કલાકો સુધી ચાલુ રહે છે.

હાર્ટબર્નને રોકવા અથવા રાહત આપવા માટે: એસિડિટીની સમસ્યાનું કારણ બને તેવા મસાલેદાર અને ચરબીયુક્ત ખોરાક ટાળો. જો વજન વધારે હોય તો તમારે વજન ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમારે નિયમિત સરત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.  ભોજન કર્યા પછી, ઓછામાં ઓછા 2-3 કલાક સુવા માટે રાહ જુઓ. સૂતી વખતે ઓશીકું અને માથું ઉંચુ રાખો.

GERD માં વારંવાર એસિડ રિફ્લક્સ અનુભવતા લોકો માટે મુખ્ય સારવાર: એન્ટાએસિડ જે ઓવર-ધ-કાઉન્ટર (OTC) દવાઓ છે જે હળવી હાર્ટબર્નને દૂર કરવામાં મદદ કરે છે, જેમ કે માયલાન્ટા અને ટમ્સ.

પ્રોટોન પંપ ઇન્હિબિટર્સ (PPIs), પેટના એસિડની માત્રા ઘટાડે છે, જેમ કે નેક્સિયમ અને પ્રિલોસેક હાર્ટબર્નની સારવારમાં અસરકારક છે. તેઓ કાઉન્ટર પર ઉપલબ્ધ છે.

જો તમારા લક્ષણો ઓવર-ધ-કાઉન્ટર દવાથી વધુ સારા ના થાય અને તમારે અઠવાડિયામાં બે વખતથી વધારે દવા લેવી પડે, તો તમારે તમારા ડોકટરને બતાવા માટે જવું જોઈએ.



# ॥ આપણા સૌના જલાબાપા, જીવન દર્શન ॥



પાંચ વર્ષના જલાને, પૂર્વ જન્મના જાલા અને રૂપાના જીવનમાં અધૂરા રહેલા રામનામ સેવાના કાર્ય પૂર્ણ કરવા, ભજન અને ભોજનના સત્કાર્ય પૂર્ણ કરવાના અભરખા પૂર્ણ કરવા મારો જન્મ થયો છે તેવી અનુભૂતિ થઈ, જ્ઞાન થયું અને તેની અસરની શરૂઆત જલાના જીવનમાં થઈ. રમત ગમત અને બાળસહજ વૃત્તિ ને બદલે દરેક કાર્ય કરતી વખતે રામ નામ નો જાપ ચાલતો રહેતો અને તેમની ઉમર ૧૪ વર્ષની થઈ. નાનકડા ગામની ગામઠી સ્કૂલમાં ભણતર કર્યું અને ઘણું બધું જ્ઞાન કંઠસ્થ કરી લીધું.

એ સમયમાં નાનપણમાં બાળકોના વિવાહ અને લગ્ન થતા. જલાની ઉમર ૧૬ વર્ષની થઈ. તેમના માતાપિતા હવે તેનું લગ્ન કરવા ઇચ્છતા હતા. પરંતુ જલાના મનમાં કઈંક જૂદું જ હતું. લગ્ન કરી ઘરસંસારમાં જીવ પરોવવા કરતા એકલા રહી પ્રભુ ભજનમાં, સાધુ સંતોની સેવામાં જીવન વિતાવવું વધારે યોગ્ય લાગતું હતું. જલારામનું મન સાંસારિક વૃત્તિ કરતા ધાર્મિક વૃત્તિ તરફ વધારે હતું. સાંસારિક જવાબદારીઓ તેમના ધાર્મિક જીવનમાં બાધારૂપ અને બોજારૂપ બનશે તેવું તેમનું માનવું હતું. પરંતુ તેમના કાકા, વાલજીકાકા જેમને કોઈજ સંતાન નહતું તેમને જલારામ ઉપર ખુબજ હેત - પ્રેમ હતો. જલારામને ગૃહસ્થાશ્રમ નું મહત્વ સમજાવ્યું અને કહ્યુકે "લગ્ન જીવન હોવા છતાં સાંસારિક હોવા છતાં ભગવાનની ભક્તિ કરી શકાય, અરે કદાચ વધુ સારી રીતે પણ કરી શકાય અને જલારામ પણ જેવી પ્રભુની મરજી" કરી લગ્ન માટે સંમત થયા.

સૌરાષ્ટ્રનું બીજું એક ગામ. નામ આટકોટ ત્યાં એક ઠક્કર કુટુંબ નામ પ્રાગજી સોમૈયા. તેમની દીકરી નામે વીરબાઈ. ખુબજ સંસ્કારી અને ધાર્મિક કુટુંબ અને એવીજ ધાર્મિક દીકરી વીરબાઈ.

જલારામના લગ્ન આ વીરબાઈ સાથે થયા, અને જાણે સોનામાં સુગંધ ભળી.

"દૂધ ભરેલા ગ્લાસમાં થોડું વધુ દૂધ ઉમેરો તો દૂધ છલકાઈને બહાર આવે કારણકે તેમાં જગ્યા નથી પરંતુ એ જ ગ્લાસમાં મિઠાસથી ભરપૂર સાકાર ઉમેરો તો સમાઈ જાય અને તમામ દૂધ મિઠાસથી ભરપૂર થઇ જાય." તેવી જ રીતે વીરબાઈ પણ જલારામના સેવાકાર્યમાં સમાઈ ગયા. જોડાઈ ગયા. જીવનના આ સત્કાર્ય રથના બે પૈડાં સમાન થઇ ગયા.

જલારામ પિતાજીની દુકાને બેસી તેમનો ધંધો સાંભળતા. તેમની દુકાને કોઈ પણ સાધુ સંત કે જરૂરિયાતમંદ આવે, જલારામ તેમનો યોગ્ય આદર સત્કાર કરે, તેમને જરૂર હોય તે સીધું સામાન પ્રેમથી, ભક્તિથી આપી તેમનું સન્માન કરી બદલામાં કશું ય ન હોય તો ફક્ત રામનામ લઈ આશીર્વાદ લેવાના. કોઈને પણ ના પાડી શકતા ન હતા.

પિતાજીની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી જલારામની આ દાન પુણ્ય રીતભાત પિતાજી માટે અનુકૂળ ન હતી. પિતાજી એ આ ગે જલારામને વાત કરી પરંતુ જલારામનો સ્વભાવ એવો હતો કે કોઈને ના ન પાડી શકે અને અંતે પિતાજીએ  દુકાન અને ઘરમાંથી અલગ થવા જણાવ્યું. આમા પણ પ્રભુ શ્રી રામની ઈચ્છા સમજી જલારામ જુદા થયા.

જલારામના કાકા, વાલજીકાકાએ જલારામને પોતાની પાસે બોલાવ્યા અને તેમની દુકાનમાં બેસાડયા.

સ્થળ અને સ્થિતિ અલગ, પણ કાર્ય તો એક સમાન જ.

જલારામના ધાર્મિક અને પરોપકારી સેવાકાર્યની સુવાસ ચારેકોર ફેલાતી હતી.

પુષ્પની સુગંધ તો વાયુની દિશામાં જ પ્રસરે પરંતુ સત્કાર્યોની સુવાસ તો

ચારે બાજુ ફેલાતી હોય છે.

અહીં પણ જલારામ તે જ પ્રમાણે સાધુ-સંતો કે કોઈપણ જરૂરિયાતમંદ આવે, યોગ્ય આદર સત્કાર કરી રામનામની કૃપા ગણી જે જોઈએ તે પ્રમાણે મદદ કરે. આ બધામાં તેમના બજારમાં એક વાણીયાની દુકાન હતી. વાણિયાને જલારામની આ સેવાકીય પ્રવૃત્તિ ગમતી નહતી અને તેમને આ વાત વાલજીકાકાને પણ કરી હતી. પરંતુ વાલજીકાકા તેની આવી વાતો સાંભળી ધ્યાનમાં લેતા ન હતા કારણ તેમને જલારામ ઉપર પૂરો ભરોસો હતો.

વાણિયાને થતું હતું કે આમને આમ ચાલશે તો જલારામ વાલજીકાકાનું દેવાળું કઢાવશે અને એટલે જ કોઈ યોગ્ય પ્રસંગની રાહ જોતો હતો અને એ પ્રસંગ પણ આવ્યો.

એક દિવસ સવારના પહોરમાં સાધુ-સંતોની એક ટોળી ગિરનાર યાત્રા પર જતી હતી તે વિરપુર ગામે રોકાઈ. જલારામની ધાર્મિક વૃત્તિ તો સાંભળી જ હતી તેથી તેની દુકાનના દ્વારે આવી મદદની ટહેલ કરી. કશુજ નવું નહતું. જલારામે સાધુ-સંતોની માંગણી મુજબ સીધું સામાન, ગોળ, ઘી અને કાપડના તાકા માંથી નવું નકોર કાપડ કાઢી તેમને સંતુષ્ટ કર્યા. અરે ! સાધુ સંત આટલું બધું ઉપાડી ન શકે તેથી જલારામ પોતે આમાંનું ઘી, ગોળ  લઈ સાથે મુકવા માટે જાય છે. વાણિયો આ બધું નજરે નિહાળતો હતો અને થયું કે જલારામ ચોક્કસ વાલજીકાકાનું દેવાળું કઢાવશે. કારણ સતત દાનધર્મ કરવાથી ભલભલા અન્નના કોઠાર ખાલી થઈ જાય. કુવામાંથી સતત પાણી કાઢવાથી કદાચ કૂવો પણ સુકાઈ જાય પરંતુ આ ન હતો અન્નનો કોઠાર કે સુકાઈ જાય તેવો કૂવો. આ હતું રામકૃપાથી અવિરતપણે વહેતુ કૃપાઝરણું.

વાણિયો વાલજીકાકા પાસે જઇ આ બધી વાત કરે છે અને આજે તમને સાક્ષાત બતાવું. તેવું કહીને તેમને સાથે લઈ જલારામ જે દિશામાં ગયા હતા તે તરફ લઈ જાય છે. વાલજીકાકાને પણ આજે બધું આ પાર કે પેલે પાર

કરવું હતું. દૂરથી જલારામને સાધુ સંતો સાથે જતા જોઈ વાલજીકાકાએ બુમ પાડી જલારામને ઉભા રાખ્યા. નજીક જઈ હાથ પકડી સાથે થેલામાં અને લોટામાં શું છે તે બતાવવા જણાવ્યું. જલારામના મનમાં બીક પેઠી કે આજ મારી આ પ્રવૃત્તિ પકડાઈ જશે. અને કશુક અજુગતું બનશે. મનોમન પ્રભુ શ્રી રામને પ્રાર્થના કરી, યોગ્ય કરવા વિનંતી કરી અને જલારામ ના મુખેથી શબ્દો સરી પડયા "થેલામાં બીજું શું હોય, બાળવા માટે છાણા અને લોટામાં પાણી હોય."

પ્રભુ શ્રી રામના અનન્ય ભક્ત શ્રી જલારામના આ શબ્દો સાંભળી, પોતાના ભક્તના શ્રદ્ધા વ્હેણ સાંભળી પ્રભુ શ્રી રામના આશીર્વાદ ચમત્કારથી તેવું જ થયું જેવું શ્રી જલારામે કહ્યું. ગોળ ના છાણા થયા. લોટમાં ભરેલું ઘી પાણી બનીને વહ્યું.

વાણિયાએ આ જોયું છતાં પણ પોતાની નજરે જે જોયું હતું તેવું આ નહતું. હાર ન સ્વીકારી દુકાને જઈ કાપડનો તાકો માપવા કહ્યું. જેમાંથી જલારામે દસ હાથ કાપડ ફાડી આપ્યું હતું. વાલજીકાકા અને વાણિયો દુકાને પહોંચ્યા અને કાપડ માપ્યું તો એક દોરો કાપડ ઓછું નહતું. અને વાણિયાને પોતાની આંખો ઉપર વિશ્વાસ નહોતો. પરંતુ આ બધું પ્રભુ શ્રી રામ ની કૃપા અને આશીર્વાદ છે તેમ માની જલારામની અને વાલજીકાકાની માફી માંગી.

આ બાજુ જલારામના મનમાં મુંઝવણ થઇ કે મારી રક્ષા કરવા માટે, મારા શબ્દો ખોટા ન પડે તે માટે મારા પ્રભુ શ્રી રામને છેક વૈકુંઠમાંથી દોડવું પડયું. તેમનું મન દુકાનની પ્રવૃત્તિ અને સામાજીક પ્રવૃત્તિ માંથી ઉઠી ગયું અને વાલજીકાકાની દુકાનમાની જવાબદારીમાંથી મુક્ત થઈ પ્રભુ શ્રી રામની ભક્તિમાં બંધાઈ જવાનું મનોમન નક્કી કરી દુકાનમાંથી નીકળી ગયા.

“બંધન મુક્ત અને પ્રભુ સંબંધ યુક્ત શ્રી જલારામબાપાના જીવન યાત્રાનો એક નવો વળાંક."

# જલારામ કૃપા

જય શ્રી જલારામ બાપા,
પૂજ્ય શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી મારી દીકરીને પગનું દર્દ મટી ગયું અને મારો દીકરો અમેરિકા આવી ને સારી જોબ પણ મળી ગઈ. જેમ અમારી મનોકામના બાપાએ પૂર્ણ કરી તેમ સૌની પૂર્ણ થાય તેવી બાપાના ચરણોમાં પ્રાર્થના.

મારા હસબન્ડને મગજના ઉપર કેન્સર થયું હતું. ડોકટરે ત્રણ મહિનાની જિંદગી આપી હતી. બાપાની કૃપાથી એમની લાઈફ બે વર્ષ વધારે મળી હતી.

જયશ્રી જલારામ,

બાપાની કૃપાથી મારા દીકરા અને દીકરી બંને ને સારી જોબ મળી. બાપા સાચેજ હાજરા હજુર છે. જયારે જયારે બાપાને યાદ કર્યા છે, ત્યારે ત્યારે બાપાએ અમને મદદ કરી છે. જેવી બાપાએ અમને મદદ કરી તેવી સર્વે ને કરશો.

જય જલારામ બાપા,
તમને વિનંતી કે મારી દીકરીના લગ્ન થતા નથી તો તમે કૃપા કરી સારું પાત્ર મળે તેવી મારી ઉપર કૃપા કરશો. તેમજ મારા દીકરાના સાકાર નાળિયેર થઈ ગયા છે, પરંતુ લગ્ન નું કામ પતી જાય તેવી કૃપા કરશોજી.

**તા.ક.**

આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.

## || જલારામ દર્પણ ભેટ યોજના ||

**આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.**

| | |
|---|---|
| ધીરુભાઈ મનુભાઈ પટેલ | $ ૧૫૧:૦૦ |
| મનહરભાઈ અને મધુબેન | $ ૫૧:૦૦ |
| શાંતાબેન મ. પટેલ | $ ૧૧:૦૦ |
| વિજયભાઇ પટેલ | $ ૫૧:૦૦ |
| જયંતીભાઈ પટેલ | $ ૧૦૧:૦૦ |
| શારદાબેન જયસ્વાલ | $ ૨૧:૦૦ |
| રામ ભરોસે | $ ૧૧:૦૦ |

SHREE JALARAM MANDIR
425 Illinois Blvd.
Hoffman Estates, IL 60169
Ph: 847-490-JALA (5252)
www.shreejalarammandir.org

Non-Profit Org.
U.S. Postage
PAID
Schaumburg, IL
Permit No. 183

To,

SHREE JALARAM MANDIR

જનસેવા એજ પ્રભુસેવા

CHICAGO

**તા.ક.**

આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.

## || જલારામ દર્પણ ભેટ યોજના ||

આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.

| | |
|---|---|
| ધીરુભાઈ મનુભાઈ પટેલ | $ ૧૫૧:૦૦ |
| મનહરભાઈ અને મધુબેન | $ ૫૧:૦૦ |
| શાંતાબેન મ. પટેલ | $ ૧૧:૦૦ |
| વિજયભાઈ પટેલ | $ ૫૧:૦૦ |
| જયંતીભાઈ પટેલ | $ ૧૦૧:૦૦ |
| શારદાબેન જયસ્વાલ | $ ૨૧:૦૦ |
| રામ ભરોસે | $ ૧૧:૦૦ |